## ૨૧- કર્મવિપાક ચિંતન અષ્ટક

શ્લોક-૧

દુઃખં પ્રાપ્ય ન દીનઃ સ્યાત્, સુખં પ્રાપ્ય ચ વિસ્મિતઃ
મુનિઃ કર્મવિપાકસ્ય, જાનન્ પરવશં જગત્ (૨૧-૧)

શબ્દાર્થ: દુઃખં = દુઃખને; પ્રાપ્ય = પામીને; ન = નહિ; દીનઃ = દીન; સ્યાત્ = થાય; સુખં = સુખને; પ્રાપ્ય = પામીને; ચ = અને; વિસ્મિતઃ = વિસ્મયયુક્ત; મુનિઃ = સાધુ; કર્મવિપાકસ્ય = કર્મના વિપાકને; જાનન્ = જાણતાં; પરવશં = પરવશ, પરાધીન; જગત્ = જગતને

શ્લોકાર્થ: જગત કર્મના વિપાકને પરવશ (પરાધીન) છે. આવું જાણતા મુનિ દુઃખ પામીને દીન થાય નહીં અને સુખ પામીને વિસ્મયવાળા થાય નહીં.

ભાવાર્થ: કર્મ વિપાક એટલે ભૂતકાળમાં બાંધેલા કર્મના ઉદય આવતા બાંધેલા કર્મોનું ફળ.

કર્મના વિપાક વખતે સમગ્ર જગત પરવશ, પરાધીન બની જાય છે. ઘોર નિકાચિત કર્મોનો ઉદય હોય ત્યારે તે કર્મો તીર્થંકર ભગવાનના જીવને પણ ભોગવવા જ પડે છે. સાંસારિક કોઈ પણ પરિસ્થિતિ કર્મના ઉદયવાળી હોવાથી ઉપાધિવાળી છે અને અનિત્ય છે. સમસ્ત જગત કર્મને આધીન છે આવું તત્ત્વજ્ઞાની મુનિ જાણે છે. જ્યારે સમસ્ત જગત જો શુભ કે અશુભ કર્મને આધીન જ હોય તો આપણે પણ કર્મોદયનો પરવશ જ છીએ એમ સમજીને પુણ્યનો ઉદય હોય ત્યારે સુખમાં અંજાવું નહીં અને પાપનો ઉદય હોય ત્યારે દુઃખમાં ગભરાવું નહીં. તેથી કર્મવિપાકને ગૌણ ગણીને મહાત્મા આત્મતત્ત્વની સાધનામાં જ ઉદ્યમશીલ બને છે. મુનિ ક્યારેય ઉદાસ - દીન કે લાચાર બનતા નથી. કારણકે પોતે જ કરેલું કર્મ છે તો તેને ભોગવવામાં વળી દીનતા શું ?

પાપકર્મો જ્યારે ભૂતકાળમાં બાંધ્યા છે ત્યારે કોઈપણ જાતનો વિચાર કર્યો જ નથી, તો કર્મોનો વિપાક ભોગવવો જ પડે તેમાં દીનતા શું હોય !

તે જ પ્રમાણે પુણ્યનો ઉદય હોય અને સુખ મળે તો તેમાં આશ્ચર્ય શું પામવાનું ? પુણ્યના ઉદયથી સંસાર સુખ પ્રાપ્ત થયું પણ તે પુણ્યકર્મ આત્માના જ્ઞાન, દર્શન ગુણોનું આવરણ કરનાર બને. સુખમાં આસક્ત રહેલા જીવ મોહ - મૂર્છા અને લોભના કારણે આત્માના જ્ઞાનાદિ ગુણોને ભૂલી જાય છે.

# કર્મ વિપાક ચિંતન - ૨૯

સંસારનું સ્વરૂપ અકળ છે. સંસારમાં કોઈ જન્મથી અંધ હોય છે,
કોઈ બહેરો મૂંગો હોય છે. કોઈ મૂર્ખ તો કોઈ બુદ્ધિશાળી હોય છે.
કોઈ દેખાવડો અને તેજસ્વી હોય છે તો કોઈ કદરૂપો અને બિહામણો
હોય છે. કોઈ ક્રોધી, કોઈ શાંત, કોઈ ચોર, કોઈ પ્રામાણિક, કોઈ
ધર્મમાં શ્રદ્ધાવાળો, કોઈ નાસ્તિક, કોઈ ક્રૂર તો કોઈ દયાળુ, કોઈના
જીવનમાં સતત વિઘ્નો આવે છે તો કોઈને બધી અનુકૂળતાઓ રહે છે,
કોઈ પહેલા સુખી અને પછી અત્યંત દુઃખી, તો કોઈ પહેલા દુઃખી
અને પછી અત્યંત સુખી થાય છે. આમ આ સંસાર કેટલી બધી
અસમાનતા, વિષમતા અને વિચિત્રતાથી ભરેલો છે!

આમ કર્મોના વિપાકને કારણે જુદા જુદા જીવોની જુદી જુદી
દશા જોઈને મુનિ સમભાવ (સમતા) ધારણ કરે છે. કર્મવિપાક
વિશે ચિંતન, અનુપ્રેક્ષા કરતાં કરતાં તેઓ આત્મસ્વરૂપના ચિંતન
તરફ વળે છે.

કર્મો એટલે કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓ જે પ્રત્યક્ષ દેખાતાં
નથી, પરંતુ સર્વજ્ઞને પ્રત્યક્ષ છે. સંસારમાં સુખદુઃખનું કારણ તે
કર્મ છે. એમ છતાં તે કારણ એકને સુખ આપે અને બીજાને દુઃખ
આપે એવું બની શકે છે.

કર્મો મુખ્યત્વે આઠ પ્રકારના છે.
(૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય
(૫) આયુષ્ય કર્મ (૬) ~~ગોત્ર~~ નામ કર્મ (૭) ગોત્ર કર્મ અને (૮) અંતરાય કર્મ
આ આઠે કર્મોની ઉત્તર પ્રકૃતિ છે એટલે કે તેના ૧૫૮ પેટા વિભાગ છે.

કર્મો કેવી રીતે બંધાય છે, એની કેટલી તીવ્રતા (રસ) હોય છે,
કેટલી વાર સત્તામાં પડ્યું રહે છે, ક્યારે તેનો ઉદય થાય છે વગેરે
વિશે કર્મગ્રંથોમાં તાત્ત્વિક અને ગહન વિચારણા થયેલી છે.

સંસારમાં કર્મોની આવી પરિસ્થિતિ હોય ત્યારે સાધક મુનિએ
કેવી રીતે રહેવું? કોઈ વાર અશાતાવેદનીય કર્મના ઉદય હોય તો
તે વખતે કર્મો સમભાવે વેઠી લેવાં (ભોગવી લેવાં) જોઈએ.
મુનિએ ત્યારે દીન બનવું ન જોઈએ, બીજી બાજુ અણધાર્યા કોઈ
આનંદના સમાચાર આવે ત્યારે મુનિએ વિસ્મય (આશ્ચર્યચકિત)
ન થવું જોઈએ.

શ્લોક-૨

યેષાં ભ્રૂભંગમાત્રેણ, ભજ્યન્તે પર્વતા અપિ
તૈરહો કર્મવૈષમ્યે, ભૂપૈર્ભિક્ષાપિ નાપ્યતે ૨૧-૨

શબ્દાર્થ: યેષાં = જેઓના, ભ્રૂભંગમાત્રેણ = ભ્રૂકુટી વાંકી કરવા માત્રથી, ભજ્યન્તે = ભાંગી તૂટી પડે છે, પર્વતાઃ = પર્વતો, અપિ = પણ, તૈઃ = તે, અહો = આશ્ચર્ય છે કે, કર્મવૈષમ્યે = કર્મની વિષમ દશા પ્રાપ્ત થતાં, ભૂપૈઃ = રાજાઓથી, ભિક્ષાપિ = ભિક્ષા પણ, નાપ્યતે = મેળવી શકાતી નથી.

શ્લોકાર્થ: જેઓની ભ્રૂકુટી ચઢાવવા માત્રથી (આંખના ઈશારા માત્રથી) પર્વતો પણ તૂટી પડે છે તેવા બળવાન રાજાઓ પણ કર્મની વિષમતા આવી પડે છે ત્યારે ભિક્ષા પણ મેળવી શકતા નથી, એ આશ્ચર્ય છે!

ભાવાર્થ: કર્મની ગતિ કેટલી વિષમ છે? કર્મ જીવને ચક્રવર્તી બનાવે છે અને કર્મ જીવને નરક-નિગોદમાં પણ લઈ જાય છે. એક જ ભવમાં પણ જીવને ઊંચે ચઢાવે છે અને નીચે પછાડે છે. કર્મના વિપાક આગળ કોઈનું કશું ચાલતું નથી.

રાજા ઘણો બળવાન હોય પ્રતાપી હોય, ધરતીને ધ્રુજાવતો હોય. તેની ભ્રૂકુટી વાંકી થતાં અર્થાત્ કે આંખના ઈશારામાત્રથી મોટા પર્વતો પણ તૂટી પડે છે. ~~સૈ~~ રાજાનું સૈન્ય આંખના ઈશારાથી ગિરિવર જેવા બલિષ્ઠ રાજાઓનો નાશ કરતા હોય. પરંતુ તે રાજાનો પુણ્યોદય જ્યારે સમાપ્ત થાય છે અને કર્મ વાંકા હોય તો એવો વખત આવે કે યુદ્ધમાં હારી જતાં રાજપાટ જાય, પોતે જીવ બચાવવા ક્યાંક ભાગી જાય, છૂપાઈ જાય (સદામ હુસેનની જેમ).

ઈતિહાસમાં આવા ઘણાં દૃષ્ટાંતો જોવા મળે છે. ક્યારેક ભાગી જતાં, રસ્તામાં પકડાઈ જતાં ત્યાં જ લોકોના ટોળાએ મારી નાંખ્યા છે. (મોઅમ્મર કડાફી).

સત્તાધીશોને કર્મ એકાએક પછાડે પણ છે.

હરિશ્ચંદ્ર રાજાને જ્યારે કર્મવિપાક એવો આવ્યો કે ચાંડાળને ત્યાં લાકડા વેચવાની નોકરી મળી.

જોન કેનેડી, ઇન્દિરા ગાંધી, ઈજીપ્તના અનવર સદાત વગેરે ઉચ્ચ સ્થાને હતા અને કર્મવિપાક એવા આવ્યા કે ગોળીઓથી વીંધાઈને ખતમ થઈ ગયા. આવી ઘટનાઓથી કર્મની વિચિત્ર ગતિનો વિચાર આવે છે. ગામા પહેલવાન, રાજેશ ખન્ના, મહમદ અલી, કુમારપાળ રાજા (જંગલમાં ભટકવું પડ્યું), શ્રીપાળ મહારાજા વગેરે.

શ્લોક-3

જાતિચાતુર્યહીનોઽપિ, કર્મણ્યભ્યુદયાવહે
ક્ષણાદ્ રંકોઽપિ રાજા સ્યાત્, છત્રચ્છન્નદિગન્તરઃ (૨૯-૩)

શબ્દાર્થ: જાતિચાતુર્યહીનોઽપિ = જાતિ અને ચાતુર્યથી હીન હોવા છતાં; કર્મણિ = કર્મ વિષે; અભ્યુદયાવહે = અભ્યુદય કરાવે, ક્ષણાત્ = ક્ષણમાં; રંકોઽપિ = રંક પણ; રાજા = રાજા; સ્યાત્ = થાય છે; છત્રછન્ન = છત્ર વડે ઢાંક્યા છે, દિગન્તરઃ = દિશાઓના ભાગને.

શ્લોકાર્થ: અભ્યુદય કરનારા કર્મનો ઉદય હોય છે, ત્યારે જાતિ અને ચાતુર્યથી હીન હોવા છતાં પણ, રંક હોવા છતાં પણ, ક્ષણવારમાં છત્ર વડે દિશામંડળને ઢાંકનાર રાજા થઈ જાય છે.

ભાવાર્થ: આગળના શ્લોકમાં જણાવ્યું તેમ રાજા પણ ભીખ માગતો થઈ જાય છે તેમ ઉલટ બાજુ, રંક જેવો માણસ શુભ કર્મના ઉદયે રાજા થઈ જાય છે. આપણે જાણીએ છીએ કે "ચા" વેચનારો પણ દેશનો શક્તિશાળી વડાપ્રધાન થઈ જાય છે.

જૂના વખતમાં દંતકથાઓમાં આવે છે તેમ, રાજાને કોઈ પુત્ર ન હોય તો રાજગાદી પર બેસાડવા માટે નગરમાં કળશ સાથે હાથી ફેરવવામાં આવતો અને હાથી જેના ઉપર કળશ ઢોળે તેને રાજગાદી આપવામાં આવતી. તે સિંહાસન પર બેસતો અને તેને માથે છત્ર રહેતું તથા આગળ પાછળ રક્ષકો રહેતા.

ઓછા માણસને લાગવગથી સુવર્ણ ચંદ્રક અને માનપાન મળે તેવી ઘટનાઓ બને છે. પૂર્વે બાંધેલા શુભ કર્મો ઉદયમાં આવે ત્યારે આવું બને છે.

કેટલાકનો અભ્યુદય જીવન પર્યંત ચાલે છે (અમિતાભ બચ્ચન) અને કેટલાકનો અભ્યુદય અલ્પકાલીન હોય છે. (ગબ્બરસિંગ)

નામકર્મ અને ગોત્રકર્મ એકસરખા જ હોય એવું નથી.

જાતિકુળ ગોત્રકર્મ અનુસાર મળે છે અને શરીરસંપત્તિ, અવાજ, મુખાકૃતિ, યશકીર્તિ વગેરે નામકર્મ પ્રમાણે પ્રાપ્ત થાય છે.

કર્મ વિપાક ચિંતન

P. 299

શ્લોક-૪

વિષમા કર્મણ: સૃષ્ટિર્દૃષ્ટા કરભપૃષ્ઠવત્
જાત્યાદિભૂતિવૈષમ્યાત્, કા રતિસ્તત્ર યોગિન: (૨૯-૪)

<u>શબ્દાર્થ</u>: વિષમા = વિષમ, સરખી નહિ એવી; કર્મણ: = કર્મની; સૃષ્ટિ = સૃષ્ટિ; દૃષ્ટા = જોયેલી છે, જણાયેલી છે; કરભ = ઊંટ; પૃષ્ઠવત્ = પીઠના જેવી; જાત્યાદિ = જાતિ આદિની; ભૂતિવૈષમ્યાત્ = ઉત્પત્તિની વિષમતાથી; કા = શી; રતિ: = રતિ; તત્ર = તેમાં; યોગિન: = યોગીને

<u>શ્લોકાર્થ</u>: જાતિ આદિની ઉત્પત્તિની વિષમતાથી કર્મની સૃષ્ટિ, ઊંટની પીઠની જેમ વિષમ જણાયેલી છે. એમાં યોગીને શી પ્રીતિ થાય ?

<u>ભાવાર્થ</u>: કર્મની વિચિત્ર, વિષમ ગતિને કારણે સંસારમાં જે વિષમતા જોવા મળે છે તે ઊંટના ઉદાહરણથી સમજાવ્યું છે. ઊંટની પીઠ કેવી વાંકીચૂકી હોય છે. અરે, ઊંટના અઢારે અંગ વાંકા હોય છે.
"પ્રશમરતિ" ગ્રંથમાં પૂજ્ય ઉમાસ્વાતિજી કહે છે:

જાતિ કુલ દેહ વિજ્ઞાનાયુ, બલ ભોગ વૈષમ્યમ્
દૃષ્ટ્વા કથમિહ વિદુષાં, ભવ સંસારે રતિ ર્ભવતિ

જાતિ (માતૃપક્ષ) કુલ (પિતૃપક્ષ), શરીર, વિજ્ઞાન, આયુષ્ય, બળ અને ભોગની પ્રાપ્તિનું વિષમપણું જોઈને વિદ્વાનોને જન્મ-મરણરૂપ સંસારમાં કેમ પ્રીતિ થાય? અર્થાત કોઈપણ પ્રકારની રતિ ન થાય.

કર્મની વિષમતા ઊંટની પીઠની જેમ ખાડા-ટેકરાવાળી છે અર્થાત્ ચડતી-પડતીવાળી છે. વિશ્વમાં જાતિ-કુળની વિષમતાને લઈ કેટલાક જીવો માનવ જન્મ પામ્યા છતાં નીચ જાતિ અને નીચ કુળમાં ઉત્પન્ન થાય છે. મરીચિના ભવમાં ઉચ્ચકુળનો ગર્વ કરવાથી મહાવીર ભગવાનને પણ પૂર્વભવમાં નીચકુળમાં જન્મ લેવો પડ્યો હતો. અને તીર્થંકર હોવા છતાં બ્રાહ્મણ કુળમાં સ્થાન લીધું.

પુણ્યનો ઉદય રતિનું કારણ છે, પાપનો ઉદય અરતિનું કારણ છે. પુણ્યના ઉદય વડે રાગ વધે છે અને પાપોદય દ્વેષ વધારે છે. પુણ્ય-પાપના ઉદય રતિ-અરતિ કરતાં હોવાથી મુક્તિમાર્ગની સાધનામાં વિઘ્નકારી છે. સર્વવિરતિ રૂપ ચારિત્રમાં બાધા કરનારા છે. આ કારણથી પુણ્ય-પાપના ઉદય વડે સુખ, દુ:ખ હોય તો પણ ત્યાગનો પરિણામ હૃદયની અંદર ઝળહળતો હોવાથી ધીરપુરુષો બન્ને કાળે સમભાવમાં જ હોય છે. પુણ્યોદયમાં રાગી થતા નથી અને પાપોદયમાં દ્વેષી થતાં નથી. તો તે કર્મ-વિપાકને બરાબર સમજ્યા છે.

કર્મ વિપાક ચિંતન 

## શ્લોક-૫

આરુઢા: પ્રશમશ્રેણિં, શ્રુતકેવલિનોઽપિ ચ
ભ્રામ્યન્તે અનન્તસંસારં, અહો દુષ્ટેન કર્મણા ॥ (૨૧-૫)

શબ્દાર્થ: આરુઢા: = ચઢેલા, પ્રશમશ્રેણિં = ઉપશમ શ્રેણિ ઉપર, શ્રુતકેવલિન = શ્રુતકેવલી, ચૌદ પૂર્વધર; અપિ=પણ; ચ=અને; ભ્રામ્યન્તે = ભમાડાય છે; અનન્તસંસારં = અનંત સંસાર; અહો= આશ્ચર્ય છે; દુષ્ટેન = દુષ્ટ; કર્મણા = કર્મ વડે

શ્લોકાર્થ: ઉપશમશ્રેણી ઉપર ચઢેલાઓ અને ચૌદ પૂર્વધરો પણ, અરે! આશ્ચર્ય છે કે દુષ્ટ કર્મ વડે અનંત સંસાર ભમાડાય છે. અર્થાત્ દુષ્ટ કર્મ અનંત સંસાર ભટકાવે છે.

ભાવાર્થ: મોહનીયકર્મનો સર્વથા ઉપશમ કરીને ઉપશાન્ત મોહ (૧૧મા) ગુણસ્થાનકે ચઢેલા, વીતરાગ અવસ્થાને પામેલ મુનિને તથા ચૌદપૂર્વના વિશાળ શ્રુતને પામીને શ્રુતકેવલી બનેલ મુનિને પણ દુષ્ટ એવું કર્મ અનંત અનંત સંસારમાં ભમાવે છે. આવું કર્મનું સ્વરૂપ છે. માટે તેનો વિશ્વાસ કરવો નહિ. આવો ઉપદેશ આ શ્લોકમાં પૂ. યશોવિજયજી આપણને આપે છે.

આપણને પ્રશ્ન થાય કે આવું કઈ રીતે બને? ઉપાધ્યાયજી કહે છે કે શ્રુતકેવલી (૧૪ પૂર્વના જ્ઞાની) ભગવંત સાતમે-આઠમે-નવમે અને દસમે ગુણસ્થાનકે પહોંચે, પરંતુ સત્તામાં (સ્ટોકમાં) રહ્યું જો મોહનીય કર્મ હોય અને તેઓ ઉપશમશ્રેણી માંડે તો અગિયારમે ગુણસ્થાનકે જઈ, ત્યાંથી પડી છેક પહેલે ગુણસ્થાનકે પણ આવી શકે છે.

જેઓ ક્ષપકશ્રેણી માંડે છે તેઓ દસમા ગુણસ્થાનકથી સીધા "ક્ષીણમોહ" નામના બારમા ગુણસ્થાનકે જાય છે અને કેવળજ્ઞાન પામી મોક્ષગતિ પ્રાપ્ત કરે છે.

જીવ અગિયારમા ઉપશાંતમોહ નામના ગુણસ્થાનકેથી અચૂક નીચે પડે છે. એનો આત્મસ્થિરતાનો પુરુષાર્થ મંદ પડે છે. તે કર્મના ઉદયભાવમાં જોડાય છે એટલે એને નીચે પાડનાર તે કર્મ છે. એટલે જ એવા કર્મને ઉપાધ્યાયજી પૂજ્ય યશોવિજયજીએ દુષ્ટ તરીકે ઓળખાવ્યું છે. ઉપશમશ્રેણીએ ચઢેલા બધાજ જીવો નિગોદમાં જ જાય એવું નથી. ઉપશમશ્રેણીને પ્રાપ્ત કરેલા મુનિઓ, આયુષ્યનો ક્ષય થવાથી ઉપશમશ્રેણીથી પડીને અનુત્તર વિમાનવાસી દેવ થાય છે, અને મોક્ષે જતાં અટકાવે છે.
કર્મોના ઉદયથી જીવ દીન બને છે.

કર્મવિપાક ચિંતન



શ્લોક-૯

બાહ્યા સર્વાઽપિ સામગ્રી, શ્રાન્તેવ પરિતિષ્ઠતિ
વિપાકઃ કર્મણઃ કાર્ય – પર્યન્તમનુધાવતિ (૨૧-૯)

<u>શબ્દાર્થ</u>: બાહ્યા = બાહ્ય, સર્વાઽપિ = બધી ય, સામગ્રી = સામગ્રી, શ્રાન્તેવ = થાકેલાની જેમ, પરિતિષ્ઠતિ = ઊભી રહે છે, વિપાકઃ = વિપાક, કર્મણઃ = કર્મનો, કાર્યપર્યન્તં = કાર્યના અંત સુધી, અનુધાવતિ = પાછળ દોડે છે.

<u>શ્લોકાર્થ</u>: (નજીક રહેલી) બાહ્ય બધી ય સામગ્રી થાકેલાની જેમ ઊભી રહે છે. (પરંતુ) કર્મનો વિપાક કાર્યના અંત સુધી પાછળ પાછળ દોડે છે.

<u>ભાવાર્થ</u>: કોઈપણ ઘટના બને તો તેમાં પાંચ સમવાય કારણો રહેલાં હોય છે. કારણ વગર કોઈ કાર્ય બનતું નથી. પ્રત્યેક કાર્ય પાછળ કોઈક કારણ હોય જ. કારણ કદાચ આપણને પ્રત્યક્ષ દેખાય કે ન દેખાય.
આ પાંચ સમવાય કારણો છે: (૧) કાળ (૨) સ્વભાવ (૩) નિયતિ અથવા ભવિતવ્યતા (૪) કર્મ અને (૫) પુરુષાર્થ.
આ પાંચે કારણો સાથે જ હોય. એક પણ કારણ ઓછું હોય તો કાર્ય ન થાય. આ પાંચ કારણોમાં સૌથી બળવાન કારણ "કર્મ" છે. "કર્મ" કાર્ય પૂરું થાય ત્યાં સુધી સાથેને સાથે આવે છે.

કર્મો પ્રત્યક્ષ દેખાતાં નથી એટલે એનો નાશ પણ પ્રત્યક્ષ નહીં દેખાતાં એવા ધર્મ દ્વારા જ કરવો પડે. જ્યાં સુધી કર્મ સક્રિય બનતું નથી ત્યાં સુધી બાહ્ય બધી સામગ્રી એમની એમ પડી રહે છે, જાણે થાકી ગઈ ન હોય! પરંતુ કર્મ સક્રિય થાય તો બાહ્ય બધી સામગ્રી પણ સક્રિય થઈ જાય છે. કર્મનો વિપાક અથવા કર્મનો ઉદય એ છેલ્લું કારણ છે. એ કાર્યના અંત સુધી પ્રવર્તે છે. અન્ય કારણો પોતપોતાનું કાર્ય કરે છે, પણ તેમાં એટલું બળ હોતું નથી. આમ કર્મ બળવાન છે. કર્મનો ક્ષય થતાં બધા કારણો પોતાની મેળે થાક્યા જાય છે.

કાળ, સ્વભાવ, ભવિતવ્યતા વગેરેના દોષ જોયા વિના કર્મનો નાશ કેમ કરવો, તે જ વિચાર કરવો, નહિતો કર્મ ચઢી બેસશે. માટે ધર્મ પુરુષાર્થ કરવો. આપણને મળેલી અનુકૂળ સામગ્રીનો સદુપયોગ નહિ થાય તો કર્મસત્તા એ સામગ્રીને ઝૂંટવી લેશે. પુણ્યના ઉદયથી મળેલી સામગ્રી કર્મોના ઉદયને આધીન છે. આપણે માલિક નથી, વશમાં તેનું કંઈ ચાલતું નથી. આ કારણથી કર્મોદય જ બળવાન છે:

કર્મવિપાક ચિંતન



શ્લોક-૧

અસાવચરમાવર્તે, ધર્મં હરતિ પશ્યત:
ચરમાવર્તિસાધોસ્તુ, છલમન્વિષ્ય હૃષ્યતિ (૨૧-૧)

શબ્દાર્થ: અસૌ = આ (કર્મવિપાક), અચરમાવર્તે = છેલ્લા સિવાયના આવર્તમાં (પુદ્ગલપરાવર્તમાં); ધર્મં = ધર્મને; હરતિ = હરે છે, પશ્યત: = દેખતાં છતાં, જાણવા છતાં, ચરમાવર્તિસાધોસ્તુ = ચરમ પુદ્ગલપરાવર્તમાં વર્તતા સાધુના પણ; છલં = છિદ્રને, અન્વિષ્ય = શોધીને, હૃષ્યતિ = હર્ષ પામે છે.

શ્લોકાર્થ: આ (કર્મવિપાક) છેલ્લા પુદ્ગલપરાવર્ત સિવાયના બીજા પુદ્ગલપરાવર્તમાં દેખાતાં છતાં ધર્મને હરે છે, પણ ચરમ પુદ્ગલપરાવર્તમાં વર્તતા સાધુના છિદ્ર શોધીને હર્ષ પામે છે.

ભાવાર્થ: જીવને મોક્ષ પ્રાપ્તિમાં એક પુદ્ગલપરાવર્તથી અધિક કાળ બાકી હોય ત્યારે "અચરમાવર્ત" કહેવાય છે, અને એક પુદ્ગલપરાવર્ત કાળ બાકી હોય ત્યારે "ચરમાવર્ત" કહેવાય છે.

જીવ અચરમાવર્તકાળમાં હોય ત્યારે કર્મનો વિપાકોદય આત્મધર્મ સમજવા જ ન દે, એટલે કે જીવમાં રહેલી ધર્મસંજ્ઞાને હરી જાય છે - ચોરી જાય છે. કહેવાનો આશય એ છે કે અચરમાવર્તકાળમાં જીવને પાંચ ઇન્દ્રિયોનાં વિષય-સુખોનો મોહ એટલો બધો હોય છે કે તેને ધર્મ કરવાનું જ મન થતું નથી. મોહરાજાનો વિપાકોદય તીવ્રભાવે કામ કરે છે. દેરાસરે જાય, ધર્મ કરતો દેખાય પણ સંસારિક સુખો મેળવવાની ઇચ્છાથી ધર્મ કરે. મોહાન્ધ બનેલો જીવ વિષય-સુખમાં અંધ બને છે માટે આત્મધર્મ ભૂલી જાય છે.

પરંતુ જીવ જ્યારે ચરમાવર્તમાં આવે છે ત્યારે તે વીતરાગપ્રભુના માર્ગને જાણે છે. આત્મા જાગૃત બને છે. માર્ગાભિમુખ - માર્ગપતિત (માર્ગને પામેલો) અને માર્ગાનુસારી બને છે. રાગ-દ્વેષને તોડતો જીવ અપુનર્બંધક + ભવ્યનો સમ્યક્ત્વ ગુણ પામે છે. સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી કર્મની સામે જીવનું બળ વધે છે. વિપાકોદય ઢીલો પડી જાય છે. સમકિતી જીવો તો અર્ધપુદ્ગલપરાવર્તમાં આવી જાય છે.

કર્મસત્તા એ જીવોમાં ચૂપચાપ પ્રવેશવા માટે છિદ્રો શોધવા લાગે છે. કોઈ સાધુથી જરાક પ્રમાદ થયો તો એ તક ઝડપીને કોઈક કર્મ દાખલ થઈ જાય છે, પછી બધા અનર્થો ચાલુ થઈ જાય છે. પ્રમાદ પાંચ પ્રકારના કહ્યા છે: નિદ્રા, વિષય, કષાય, વિકથા અને મદ્યપાન. ગૃહસ્થ જીવનમાં તો ડગલે ને પગલે પ્રમાદ છે. પરંતુ મુનિએ પોતાનું જીવન પ્રમાદરહિત બનાવવાનું છે.

શ્લોક-૯

સામ્યં બિભર્તિ યઃ કર્મ-વિપાકં હૃદિ ચિન્તયન્
સ એવ સ્યાચ્ચિદાનન્દ, મકરન્દમધુવ્રતઃ? (૨૯-૯)

શબ્દાર્થ:
સામ્યં = સામ્ય, સમભાવ, બિભર્તિ = ધારણ કરે છે, યઃ = જે, કર્મવિપાકં = કર્મના વિપાકને, હૃદિ = હૃદયમાં, ચિન્તયન્ = ચિંતવતો, સ એવ = તે જ, સ્યાત્ = થાય છે, ચિદાનન્દ = ચિદાનંદરૂપ, જ્ઞાનાનંદરૂપ, મકરન્દમધુવ્રતઃ = મકરંદ (પુષ્પરસ)નો ભ્રમર બને છે.

~~ભાવ~~ શ્લોકાર્થ: કર્મના વિપાકને હૃદયમાં ચિંતવતો જે (યોગી) સમભાવ ધારણ કરે છે તે જ (યોગી) જ્ઞાનાનંદરૂપ પરાગનો ભોગી ભ્રમર થાય છે. અર્થાત્ જ્ઞાનના આનંદની સુવાસ પ્રાપ્ત કરવામાં ભ્રમરતુલ્ય બને છે.

ભાવાર્થ: આ શ્લોકમાં ત્રણ વાત ઉપર ભાર મૂક્યો છે.
(૧) કર્મ વિપાકનું ચિંતન (૨) સમભાવ અને (૩) જ્ઞાનાનંદની પ્રાપ્તિ.
એકવાર કર્મવિપાકનું યથાર્થ ચિંતન ચાલુ થાય પછી કોઈને દોષ દેવાનું મન થાય નહિ. સંસારમાં જે કંઈ સારી કે માઠી ઘટનાઓ બને છે તે એ જીવોના કર્મના ઉદય અનુસાર બને છે એવો ભાવ હૃદયમાં દૃઢ થવો જોઈએ. આ સમજણ આવે પછી કોઈનો દોષ જોવાને બદલે જીવો પ્રત્યે સહાનુભૂતિ થાય છે, સમભાવ રહે છે. જો આપણને રાગ-દ્વેષ થાય તો સમજવું કે આપણું ચિંતન કર્મવિપાકનું ચિંતન નથી.
પોતાના જીવનમાં અપ્રિય, આઘાતજનક લાગે એવી ઘટના જો બને તો તે વખતે તેને સમભાવપૂર્વક જીરવવાનું સામર્થ્ય પ્રગટ થાય છે.
~~જે સમતા~~ શુભ એવો કર્મવિપાક (પુણ્યોદય) અને અશુભ એવો કર્મવિપાક (પાપોદય) તે મારું સ્વરૂપ નથી, હું તો અનંત જ્ઞાનાદિ ગુણોનો ભંડાર એવો આત્મા છું, જડની સાથે તો મારે સંયોગસંબંધ માત્ર છે, તાદાત્મ્ય સંબંધ નથી. સાંસારિક સુખ-દુઃખ એ તો શુભાશુભ કર્મોના વિપાક છે અને કાળક્રમે ચાલ્યા જવાના છે. આવા વિચારો કરતો યોગી સુખના સંજોગો આવે ત્યારે રાગ ન કરે અને દુઃખના સંજોગો આવે ત્યારે દ્વેષ ન કરે. તે સમભાવ ધારણ કરતો જ્ઞાનના આનંદની સાચી સુગંધને પ્રાપ્ત કરવામાં ભ્રમરતુલ્ય બને છે. ભ્રમર પુષ્પોની સુગંધને જ માત્ર ગ્રહણ કરે છે, પુષ્પોની પાંખડીઓનો સ્પર્શમાત્ર કરે છે તેમાં તે રંગાતો નથી, તેમ મહાત્મા જ્ઞાનાદિ ગુણોમાં આનંદની સુગંધનો ભોક્તા બને છે. ભ્રમર જેમ રસનો સ્વાદ માણે છે તેમ મહાત્મા આત્મગુણોનો આનંદ માણે છે.